જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૧/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ
પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૧૦૪/૧૬

## રામોલ પોલીસ સ્ટેશન :

મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા રામોલ પો.સ્ટે.પો.ઇન્સશ્રીની સુચનાથી રામોલ પો.સ્ટે.ના સર્વે. સ્કૉડના પો.સ.ઇ શ્રી કે.એન.લાઠીયા તથા સ્ટાફના માણસો તા.૧૨/૧૧/૧૬ ના રોજ રામોલ પો.સ્ટે.વિસ્તારમા મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના પો.કો.હીતેષભાઇ મોહનભાઇ તથા પો.કો.હરેશભાઇ જેઠાભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આપેલ કે રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૭૭/૧૬ ઇપીકો કલમ ૩૯૪, ૧૧૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫(૧) ના કામે લુંટમાં ગયેલ રોયલ ઇનફીલ્ડ મો.સા.નં.જીજે.૨૭. બી.૮૬૧૨ ઉપર બે ઇસમો પસાર થવાના છે, જે હકીકત આધારે વોચમા હાજર રહેલ તે દરમ્યાન ઉપરોક્ત ઇસમો મો.સા.ઉપર નિકળેલ ઇસમોને રોકવા જતા મો.સા.ગલીમાં વાળી ભાગવા જતા પીછો કરી જરુરી બળ વાપરી કોર્ડન કરી રોકી લઇ તેમનુ નામ ઠામ પુછતા પોતાનુ નામ (૧) રણજીત દીનેશભાઇ વાઘેલા ઉવ.૨૨ રહે.સેક્ટર.૨૨ હનુમાનદાદાના મંદીર પાસે, ઇ/૧૬, ગાંધીનગર હાલ રહે.ડી/૫૩૬, દીપાલીનગર આદીનાથનગર ઓઢવ હોવાનુ જણાવતા તેની અંગઝડતી માંથી એક છરો તથા એક સેમસંગ કંપનીનો એ/૭ મોડલનો મો.ફોન મળી આવેલ જેની કીં.રુ.૨૦૦૦૦/- ગણી શકાય તે મળી આવેલ તથા પાછળ બેઠેલ ઇસમ શીવશકતી ઉર્ફે બબુઆ અજ્યસિંગ રાજપુત ઉવ.૧૭ વર્ષ ૫ માસ રહે.૭૨, આશારામ પાર્ક આદીનાથનગર ઓઢવ માસનો હોય જે કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરના પીતાની રુબરુ તેની અંગઝડતી કરતા એક સેમસંગ કંપનીનો જે/૭ મોડલનો મો.ફોન મળી આવેલ જેની કીં.રુ.૧૩૦૦૦/- ગણી શકાય તેમજ મો.સા.ની કીંમત રુ.૧૬૪,૦૦૦/-ગણી શકાય જે બન્ને આરોપીઓને ઇનફીલ્ડ મો.સા.બાબતે પુછતા તા.૧૦/૧૧/૧૬ ના રોજ રાતના સાડા દસેક વાગે એક માણસને રામોલ તનમન ભાજીપાઉ પાસે છરો બતાવી લુંટી લીધેલ અને મો.ફોન ઓઢવ ફાયર બ્રીગેડ સ્ટેશન ગલી માંથી ચીલઝડપ કરેલાનુ જણાવતા તા.૧૨/૧૧/૧૬ ના કલાક ૨૦/૧૫ વાગે અટક કરી (૧) રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૭૭/૧૬ ઇપીકો કલમ ૩૯૪, ૧૧૪ તથા જીપી એક્ટ કલમ ૧૩૫(૧) તથા (૨)રામોલ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૭૫/૧૬ ઇપીકો કલમ ૩૭૯, ૩૫૬, ૧૧૪ (૩) ઓઢવ પો.સ્ટે.ફ.ગુ.ર.ન.૧૫૧/૧૬ ઇપીકો ક.૩૭૯ ૩૫૬, ૧૧૪ મુજબના ગુનાઓ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)